# ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ,ભુજ

## પશ્ચિમ ગુજરાત વિજ કંપની લિમીટેડ

પાવર હાઉસ કમ્પાઉન્ડ, જી કે જનરલ હોસ્પિટલ, સામે,ભુજ

ફોન: ૦૨૮૩૨-૨૪૩૫૫૦ ફેક્ષ:૦૨૮૩૨-૨૫૦૦૪૮

E-Mail- forumbhuj.pgvcl@gebmail.com


YEARS OF CELEBRATING THE MAHATMA

નં:કેસી/સીજીઆરએફ-ભુજ/૨૦૨૧/ ૪૦ તા. 24 SEP 2021

રજી. એ.ડી. દ્વારા

પ્રતિ,

કરશન લાલજી જીવાણી,

રહેવાસી:-૧૦૦-પટેલ વાસ,

બજારવાળી શેરી, બળદીયા, તા-જી- ભુજ- કચ્છ,

મોબાઇલ નંબર:- ૯૮૭૯૫ ૧૮૮૭૮

વિષય:- કેસ નંબર પીજી૦૪/૦૦૪/૨૦૨૦-૨૧

સંદર્ભ:- આપની અરજી નોંધણી નં. પીજી૦૪/૦૦૪/૨૦૨૦-૨૧

મહાશય શ્રી,

આપના દ્વારા ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ ભુજ સમક્ષ કરવામાં આવેલ અરજીના ચુકાદાની પ્રમાણિત નકલ આ સાથે સામેલ છે. જે આપની જાણ સારૂં.

(એસ એન વહોનીયા)

કન્વીનર

ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ,ભૂજ.

બિડાણ-ઉપર મુજબ

(૧) કાર્યપાલક ઈજનેર, પીજીવીસીએલ, વિભાગીય કચેરી, ભુજ

(૨) નાયબ ઇજનેરશ્રી,પીજીવીસીએલ,પેટા-વિભાગીય કચેરી, માધાપર

........ ચુકાદાની નકલ સામેલ છે.ગુજરાત વિધુત નિયંત્રણ આયોગ(ગ્રાહક તકરાર નિવારણ ફોરમ અને લોકપાલ) વિનિયમો-૨૦૧૧ જાહેરનામા ક્રમાંક ૨/૨૦૧૧ ની વિનિયમ નં ૨.૫૦ ફોરમે પસાર કરેલ આદેશ પરવાનેદાર અને ફરીયાદીને બંધનકર્તા રહેશે.તેમજ વિનિયમ નં ૨.૫૧ અનુંસાર સદર આદેશનું પાલન આદેશ મળ્યાના ૨૧ દિવસ ની અંદર કરવાનું રહેશે. જે અંગે વિનિયમ નં ૨.૫૨ અનુંસાર ફોરમ અને ફરીયાદીને પાલનની તારીખથી ૭(સાત) દિવસ અંદર ફોરમના આદેશ અંગે પાલન અહેવાલ રજુ કરવો. ફોરમના આદેશનું પાલન ન કરવાની બાબતે વિનિયમોના ભંગ ગણવામાં આવશે અને યોગ્ય ઉપાયાત્મક પગલાં માટે જવાબદાર બનશે જેની નોંધ લેશો.

# ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ,ભુજ—કચ્છ

પશ્ચિમ ગુજરાત વિજ કંપની લીમીટેડ
પાવર હાઉસ કમ્પાઉન્ડ,જી.કે.જનરલ હોસ્પીટલ સામે, ભુજ – કચ્છ.
ફોન નં.(૦૨૮૩૨) ૨૫૩૫૫૦ ફેકસ નં.(૦૨૮૩૨) ૨૫૦૦૪૮
ઈમેલ : forumbhuj.pgvcl@gebmail.com

નં.કેસી/સીજીઆરએફ/૨૦૨૧ તા. / /૨૦૨

૨૦૦૩ ના ભારતીય વિજળી અધિનિયમની કલમ ૪૨ (૫) તેમજ ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ (ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ અને લોકપાલ) વિનિમયો ૨૦૧૧ જાહેરનામાં નં.૨/૨૦૧૯ હેઠળ રચાયેલ ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ (CGRF) પશ્ચિમ ગુજરાત વિજ કંપની લી.ભુજના ચેરમેન સમક્ષ નોંધાયેલ ફરીયાદ.

No.PG-04-004-2020-21

**કરશન લાલજી જીવાણી**
ગામ: બળદીયા,
તા.ભુજ – કચ્છ. ............**અરજદાર.**

**વિરુધ્ધ.**

**કાર્યપાલક ઈજનેરશ્રી**
પીજીવીસીએલ વિભાગીય કચેરી,
ભુજ – કચ્છ. ..........**સામાવાળા.**

**બાબત:**– સેવામાં ખામી અંગે....

**અરજદાર** :– જાતે
**સામાવાળાના તરફે** :– (૧) શ્રી એમ.ડી.વ્યાસ,
કાર્યપાલક ઈજનેરશ્રી,પીજીવીસીએલ વિભાગીય કચેરી, ભુજ
(૨) શ્રી એ.ડી.ત્રિપાઠી,
નાયબ કાર્યપાલક ઈજનેરશ્રી, માધાપર

**કોરમ : (૧) શ્રી સી.વી.ઠાકર – ચેરપર્સન**
**(૨) શ્રી આર.જી.કુંપાવત – સ્વતંત્ર મેમ્બર**

**સુનાવણી સ્થળ:** કોન્ફરન્સ હોલ,પીવીસીએલ, વતૃળ કચેરી,ભુજ
તા:૦૯/૦૭/૨૦૨૧

## ઠરાવ

૧. આ કામના અરજદારની અરજીની હકીકત એવી છે કે, અરજદાર ભુજ તાલુકાના માધાપર ગામના રે.સર્વે નં.૫૬૮/પૈકી ૨૮ વાળી જમીનમાં સામાવાળા પીજીવીસીએલ.કચેરીનું વીજ જોડાણ ગ્રાહક નં. ૩૮૩૯૧/૧૨૭૫૪/૦ નું W/W (વોટર વર્ક્સ) કેટેગરીનું ધરાવે છે.અરજદારના કથન પ્રમાણે તા.૧–૭–૦૨૦ ના રોજ સદર રે.સર્વે નં. ૫૬૮/પૈકી ૨૮ વાળી જમીનમાં ખેતી વિષયક વિજ જોડાણ મેળવવા અરજી કરેલ અને તેમાં ખેતી વિષયક વિજ જોડાણ મળ્યેથી ગ્રાહક નં. ૩૮૩૯૧/૧૨૭૫૪/૦ નું W/W (વોટર વર્ક્સ) કેટેગરીનું વિજ જોડાણ દિવસ – ૮ માં રદ કરાવવાની ખાત્રી આપેલ અને તે રીતે અરજદારે માધાપર ગામના રે.સર્વે નં.૫૬૮/પૈકી ૨૮ વાળી જમીનમાં ખેતી વિષયક વિજ જોડાણ મળવા માટે દાદ માંગેલ છે.

૨. આ કામના સામાવાળા પશ્ચિમ ગુજરાત વિજ કંપની લી. કચેરી તરફેની રજુઆત એવી છે કે આ કામના અરજદાર ભુજ તાલુકાના માધાપર ગામના રે.સર્વે નં.૫૬૮/પૈકી ૨૮ વાળી જમીનમાં સામાવાળા પીજીવીસીએલ.કચેરીનું વીજ જોડાણ ગ્રાહક નં. ૩૮૩૯૧/૧૨૭૫૪/૦ નું W/W (વોટર વર્ક્સ) કેટેગરીનું ધરાવે છે અને સદર જમીનમાં ખેતી વિષયક વિજ જોડાણ મેળવવા માટે અરજી કરેલ અને સદર અરજી સાથે નોટરાઈજ સોગંદનામું રજુ રાખેલ છે અને જેમાં બાંહેધરી આપેલ છે કે હાલ જે સર્વે નંબરમાં વિજ જોડાણની માગણી કરેલ છે તે સર્વે નંબરમાં હાલ કોઈ સામાવાળા વિજ કંપનીનું કોઈ જોડાણ આવેલ નથી. આથી અરજદારની માંગણી વાળી જમીનમાં સ્થાનીકે સામાવાળા મારફતે તપાસ કરાવતા સદર સર્વે નંબરમાં બે હયાત વિજ જોડાણ માલુમ પડતા તે અંગે અરજદારને જાણ કરવામાં આવતા અરજદારે તા.૨૦–૧૧–૨૦૨૦ ના રોજ એક અરજી સાથે બાંહેધરી પત્રક સામાવાળા માધાપર વિભાગીય કચેરીમાં આપેલ અને તેમાં એવી ખાત્રી આપવામાં આવેલ કે નવું વિજ જોડાણ મેળવ્યા બાદ હાલ હયાત જોડાણ રદ કરાવી નાખશે આમ અરજદારે જે બાંહેધરી પત્રક આપેલ છે જે અંગેની કોઈ જોગવાઈ GERC સપ્લાય કોડ–૨૦૧૫ માં ન હોઈ અરજદારને માંગણી મુજબનું ખેતી વિષયક વિજ જોડાણ આપી શકાય નહી તેમજ અરજદારની માંગણી વાળી જમીન રે.સર્વે નં. ૫૬૮ વાળી જમીન અર્બન ડેવલપમેન્ટ દ્વારા તા.૧૩–૭–૨૦૦૭ ના બહાર પાડેલ નોટીફીકેશન મુજબ સદર રે.સર્વે નંબર અર્બનો વિસ્તારમાં સમાવેશ કરવામાં હોઈ સદર જગ્યામાં ખેતીવાડી ફીડરમાંથી વિજ જોડાણ આપવું Technical Feasible ન હોઈ વિજ જોડાણ આપી શકાય તેમ નથી તેમજ વિજ કનેકશન મેળવવા માટેની માંગણી વાળી રે.સર્વે નં. ૫૬૮/પૈકી ૨૮ વાળી જમીનના રે.સર્વે નં. ચકાસતા ગામ નમુના નં. ૬ હકક પત્રક નોંધ નં. ૩૮૪૦ તા.૫–૧૦–૨૦૧૬, ૩૯૦૧ તા.૨૦–૪–૨૦૧૯ તથા



ફરીયાદ નિવારણ ફોરમ પી.જી.વી.સી.એલ. ભુજ કચ્છ

૪૧૧૭ તા.૨૪–૧–૨૦૨૦ મુજબ સદર જમીનની માલીકી બાબતે અરજદાર તથા કલેકટરશ્રી કચ્છ વચ્ચે કાનુની વિવાદ ચાલુમાં છે તેમજ નામદાર હાઈકોર્ટમાં પણ ખાસ દિવાની અરજી નં. ૧૬૨૬૦/૨૦૧૫ વાળો ચાલુમાં હોઈ વાદગ્રસ્ત જમીન અંગે વાદ વિવાદ ચાલુમાં હોવાથી સદર જમીનમાં ખેતી વિષયક જોડાણ તે રીતે પણ આપી શકાય તેમ નથી તેવી વિગવતાર રજુઆત સામાવાળા મારફતે કરવામાં આવેલ છે.

૩. અરજદારની અરજી તથા તે સાથે રજુ કરેલ દસ્તાવેજો વંચાણે લીધા તેમજ અરજદારની મૌખીક રજુઆત સાંભળી. આ કામે સામાવાળા તરફે રજુ કરેલ જવાબ/પુરાવા તથા આધારો વંચાણે લીધા તથા સામાવાળાના અધિકારીશ્રીની મૌખીક રજુઆતો સાંભળી.

૪. આ કામે નીચેના મૃદ્દાઓ નિર્ણય લેવા માટે ઉપસ્થિત થાય છે.

(૧) શું આ કામના સામાવાળાએ અરજદારની માંગણી વાળી રે.સર્વે નં.૫૬૮/પૈકી ૨૭ વાળી વાળી જમીનમાં ખેતી વિષયક વિજ જોડાણ નહીં આપી સેવામાં ખામી બતાવેલ છે ?

(૨) શું હુકમ કરવો ?

૫. ઉપરોકત મૃદ્દાનો અમારો નિર્ણય નીચે મુજબ છે.

(૧) નકારમાં

(૨) છેવટના હુકમ મુજબ.

## —: કારણો :—

**મુદ્દા નંબર ૧.**

૬. આ કામે અરજદાર તથા સામાવાળાની રજુઆતો જોતા અરજદારે ભુજ તાલુકાના માધાપર ગામના રે.સર્વે નં. ૫૬૮/પૈકી ૨૮ વાળી જમીન તેમની માલીકીની આવેલ હોઈ સદર જમીનમાં ખેતી વિષયક વિજ કનેકશન મેળવવા માટે પીજીવીસીએલ કંપનીમાં અરજી તા.૧–૭–૨૦૨૦ ના રોજ કરેલ અને સદર અરજી સાથે બાંહેધરી પત્રક નોટરી એડવોકેટ ભગીરથસિંહ રાણા સમક્ષ તા.૨૭–૫–૨૦૨૦ વાળું કરાવેલ તેની નકલ જુ રાખેલ જે વંચાણે લેતા તેમાં રે.સર્વે નં.૫૨૮/પૈકી ૨૮ વાળી જમીન તે માપે ૧–૨૧–૪૧ આરેના માપવાળી અરજદારની માલીકી અને કબજા ભોગવટાની આવેલ છે સદર જમીન પર પીજીવીસીએલ માધાપરનું ખેતી વિષયક વિજ જોડાણ માટે અરજી કરેલ હોઈ અરજદારની માંગણી વાળી જમીનમાં સ્થાનીકે સામાવાળા મારફતે તપાસ કરાવતા સદર સર્વે નંબરમાં બે હયાત વિજ જોડાણ માલુમ પડતા તે અંગે અરજદારને જાણ

કરવામાં આવતા અરજદારે તા.૨૦–૧૧–૨૦૨૦ ના રોજ એક અરજી સાથે સોગંદનામું સામાવાળા માધાપર વિભાગીય કચેરીમાં આપેલ અને તેમાં એવી ખાત્રી આપવામાં આવેલ કે નવું વિજ જોડાણ મેળવ્યા બાદ હાલ હયાત જોડાણ રદ કરાવી નાખશે આમ અરજદારે જે બાંહેધરી પત્રક આપેલ છે જે અંગેની કોઈ જોગવાઈ GERC સપ્લાય કોડ–૨૦૧૫ માં ન હોઈ અરજદારને માંગણી મુજબનું ખેતી વિષયક વિજ જોડાણ આપી શકાય નહી તેમજ અરજદારની માંગણી વાળી જમીન રે.સર્વે નં. ૫૬૮ વાળી જમીન અર્બન ડેવલપમેન્ટ દ્વારા તા.૧૩–૭–૨૦૦૭ ના બહાર પાડેલ નોટીફીકેશન મુજબ સદર રે.સર્વે નંબરનો અર્બન વિસ્તારમાં સમાવેશ કરવામાં હોઈ સદર જગ્યામાં ખેતીવાડી ફીડરમાંથી વિજ જોડાણ આપવું Technical Feasible ન હોઈ વિજ જોડાણ આપી શકાય તેમ નથી તેમજ વિજ કનેકશન મેળવવા માટેની માંગણી વાળી રે.સર્વે નં. ૫૬૮/પૈકી ૨૮ વાળી જમીનના રે.સર્વે નં. ચકાસતા ગામ નમુના નં. ૬ હકક પત્રક નોંધ નં. ૩૮૪૦ તા.૫–૧૦–૨૦૧૬, ૩૯૦૧ તા.૨૦–૪–૨૦૧૯ તથા ૪૧૧૭ તા.૨૪–૧–૨૦૨૦ મુજબ સદર જમીનની માલીકી બાબતે અરજદાર તથા કલેકટરશ્રી કચ્છ વચ્ચે કાનુની વિવાદ ચાલુમાં છે તેમજ નામદાર હાઈકોર્ટમાં પણ ખાસ દિવાની અરજી નં. ૧૬૨૬૦/૨૦૧૫ વાળો ચાલુમાં હોઈ વાદગ્રસ્ત જમીન અંગે વાદ વિવાદ ચાલુમાં હોવાથી સદર જમીનમાં ખેતી વિષયક જોડાણ તે રીતે પણ આપી શકાય તેમ નથી તેવી વિગતવાર રજુઆત સામાવાળા મારફતે કરવામાં આવેલ છે.

૭. આ બાબતે અરજદાર તરફથી એવી રજુઆત કરવામાં આવેલ છે કે સદર નામદાર કોર્ટ સમક્ષનો વિવાદ પુર્ણ થયેલ છે અને તેથી તે અંગેના આધારો રજુ કરવા અરજદારને પુરતો સમય અને તક આપવા છતા સદર વિવાદ પુર્ણ થયેલ હોય તેવા કોઈ આધાર અરજદાર તરફે રજુ કરવામાં આવેલ નથી અરજદાર તરફે જે રેવન્યુ રેકર્ડ તથા કલેકટર સાહેબશ્રી ભુજ – કચ્છ સમક્ષ ચાલતા અપીલ જ.મ.નિ.૧૦૮–(૬) કેસ નં. ૧૧૫/૨૦૧૭ વાળા હુકમની નકલ જોતા નામદાર ગુજરાત હાઈકોર્ટમાં ખાસ દિવાની અરજી નં.૧૬૨૬૦/૨૦૧૫ ના કામે આપેલ સ્ટેટસ કવોની જાળવણી કરવાની રહેતી હોઈ સદર રીવીઝન હાલે ચલાવવાની સત્તા ન હોઈ નામદાર ગુજરાત હાઈકોર્ટના હુકમ અન્વયે જાણ કરવાની રહેશે તેમજ સરકાર તરફે ભવિષ્યમાં સુઓમોટો લેવામાં બાધ આવશે નહી તેવો હુકમ કરવામાં આવેલ હોઈ વાદગ્રસ્ત રે.સર્વે નં.૫૬૮/પૈકી ૨૮ વાળી જમીન અંગે હજુ વિવાદ ચાલુમાં હોવાનું સદર આધારો જોતા જણાય છે અને સદર વિવાદના નિરાકરણ અંગે અરજદાર તરફથી કોઈ ભરોષાપાત્ર પુરાવો પણ રજુ કરવામાં આવેલ નથી.આથી સામાવાળા વિજ કંપનીએ અરજદારની માંગણી મુજબની જમીનમાં ખેતી વિષયક વિજ જોડાણ નહી આપી સેવામાં ખામી બતાવેલ હોવાનું

પુરવાર થતું ન હોઈ મુદ્દા નંબર – ૧ નો નિર્ણય નકારમાં આપવામાં આવે છે. આથી આ કામે આખરી હુકમ નીચે મુજબ કરવામાં આવે છે.

## –: હુકમ :–

અરજદારની અરજી નામંજુર કરવામાં આવે છે.

આ હુકમ આજ તા.૨૪/૯/૨૦૨૧ ના રોજ જાહેર કર્યો

(આર.જી.કુંપાવત) (સી.વી.ઠાકર)
સ્વતંત્ર મેમ્બર ચેરપર્સન
*ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ ભુજ–કચ્છ.*

નોંધ:

(૧) અરજદાર આ હુકમથી નારાજ હોય તો સદર હુકમ મળ્યાની તારીખથી દિવસ – ૩૦ માં વિદ્યુત લોકપાલમાં રજુઆત કરી શકે છે. આ સાથે વિદ્યુત લોકપાલમાં રજુઆત કરવાની પધ્ધતિ સામેલ છે.

(૨) ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ (ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ અને લોકપાલ) વિનિમયો – ૨૦૧૧ જાહેરનામાં નં.૨/૨૦૧૧ ની કલમ ૩.૧૭ મુજબની બધી શરતો સંતોષવામાં આવેલ હશે તોજ તેવી રજુઆત લોકપાલ સ્વીકારશે. કલમ ૩.૧૭ (૮) મુજબ ફરીયાદીએ જરૂરી હોય તો ફોરમના હુકમનામાં સંદર્ભમાં પરવાનેદાર પાસે એક તૃતીયાંશ રકમ જમાં કરાવી હોય અને કરેલ ચુકવણી સાબિતી રજુ કરી હોય તોજ તેવી રજુઆત લોકપાલ સ્વીકારશે.

(૩) લોકપાલનું સરનામું : વિદ્યુત લોકપાલની કચેરી, બ્લોક નં.૩,પોલીટેકનીક કમ્પાઉન્ડ, આંબાવાડી, અમદાવાદ ૩૮૦૦૧૫, ફોન નં. (૦૭૯) ૨૬૩૦૨૬૮૯